॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com


**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨૪

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. કરણ કોને કહે છે? **કરણ એટલે ક્રિયાનું સાધન અથવા હેતુ.**

૨. કયા જીવોને મારવામાં વધુ પાપ છે? શા માટે?

**ત્રસ જીવોને કારણ કે તેઓમાં સ્થાવર જીવો કરતા પ્રાણ, યોગ, ઈન્દ્રિય વગેરે વધારે હોય છે.**

૩. બાર દેવલોકના કુલ વિમાન કેટલા છે? **બાર દેવલોકના કુલ વિમાન ૮૪,૯૬,૭૦૦ છે.**

૪. વંદના કેવી રીતે કરવી જોઈએ? **વંદના શુદ્ધ ભાવે વિધિ સહિત કરવી જોઈએ.**

૫. આંક્ડામાં જવાબ લખો. સાધુની ભાવના **૨૫** ૧૨ વ્રતના કુલ અતિચાર **૭૫**

પ્રવચન માતા **૮** પાંચમા વ્રતની કોટિ **૩**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખી તે કયા પાઠમાં છે? તે લખો. (૩)**

૧. પીઢ **બાજોઠ, પાટલા આદિ** **પ્રતિક્રમણના બારમા વ્રતમાં**

૨. પૈશુન્ય **ચાડી–ચુગલ** **અઢાર પાપસ્થાનના પાઠમાં**

૩. અભગ્ગો **ભાંગે નહિ** **સામાયિકના ચોથા પાઠમાં**

**(૩) ૨૫ મિથ્યાત્વના આધારે લખો. (૨)**

૧. ચંદ્રપ્રભુના ફોટોની પૂજા કરી હોય **લોકોત્તર મિથ્યાત્વ**

૨. પ્રતિક્રમણની શું જરૂર છે? ભાવ પ્રતિક્રમણ કરી લેવાનું. **અકિરિયા મિથ્યાત્વ**

૩. અમે તો સર્વ ધર્મ સમભાવમાં માનીએ છીએ. **અણાભિગ્રહિક મિથ્યાત્વ**

૪. જીવને શરીર વ્યાપી નહિ દીવાની જ્યોત જેટલો જ માને. **જિન માર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ.**

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. સંક્ષેપમાં પ્રતિક્રમણ કોને કહેવાય?

**આત્માના દોષજન્ય મલિન ભાવોથી પાછા ફરીને શુભભાવો કે શુદ્ધ ભાવોમાં લીન–તલ્લીન બની જવું.**

૨. શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ કરનાર સાધક કયા માર્ગની શુદ્ધિ કરે છે?

**શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શનારૂપ આરાધનાના માર્ગની.**

૩. ઋષભદેવ સ્વામીના શાસનમાં પ્રતિક્રમણ કેવું બતાવ્યું છે? **ધ્રુવ પ્રતિક્રમણ કલ્પ.**

૪. કાયોત્સર્ગ શેની ઉત્તમ સાધના છે? **લક્ષ્યની સિદ્ધિ માટે.**

૫. વિનય એટલે શું? **ગુર્વાદિકોની સમક્ષ વિનયપૂર્વક નમસ્કાર કરીને પચ્ચકખાણનો સ્વીકાર કરવો.**

૬. નિર્વિકૃતિકમાં શેનો ત્યાગ છે? **ઘી આદિ યુક્ત ગરિષ્ટ ભોજનનો ત્યાગ છે.**

૭. અવ્રતનું પ્રતિક્રમણ કયા ગુણસ્થાને થાય છે? બે શબ્દમાં લખો. **પાંચમા, છટ્ઠા.**

૮. પ્રતિક્રમણના બે ભેદના નામ લખો. **દ્રવ્ય પ્રતિક્રમણ, ભાવ પ્રતિક્રમણ.**

૯. ભાવ વ્રણ કોને કહેવાય? **ચારિત્રમાં અતિચારના સેવનથી ઘાવ પડે તે.**

૧૦. પ્રહર કોને કહે છે? **દિવસના ચોથા ભાગને એક પ્રહર કહે છે.**

**(૨૦)**

**પ્ર.૨ (અ) સમવાયાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૧૦)**

૧. અગિયારમા અધ્યયનનું નામ શું છે? બારમા અધ્યયનમાં કેટલી ગાથા છે? **માર્ગ, ૨૨**

૨. દ્રવ્યના ખાવા–પીવાથી શું થાય તે દ્રવ્ય સમાધિ છે? **શાંતિ, સંતોષ**

૩. દ્રવ્ય માર્ગ કયા છે? **આકાશમાર્ગ, જલમાર્ગ**

૪. શેના વિનાનો વિનય મોક્ષ સાધક નથી? **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન**

૫. સાંખ્યદર્શન કોને સ્વીકારે છે? તે કયા વાદને માને છે? **આત્મા, અક્રિયાવાદ**

૬. જીવહિંસા શેની પરંપરાને વધારે છે? **જન્મ, મરણ**

૭. આહાર–પાણીના ભોગવટામાં શું નથી કરવાનું? **રાગ–દ્વેષ**

૮. સમાધિ, અસમાધિસ્થાનનું નિરૂપણ કયા સૂત્રમાં છે? **દશવૈકાલિક, દશાશ્રુતસ્કંધ**

૯. શું છોડીને શુદ્ધ સંયમનું પાલન કરવાનું છે? **અસંયમી જીવન, દેહાધ્યાસ**

૧૦. દરેક જીવ શેને ઈચ્છે છે? **સુખ, જીવન**

**(આ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (૧૦)**

૧. ભાવશસ્ત્રથી શું થાય છે? **આત્મગુણોની ઘાત થાય છે.**

૨. અદ્ધા પ્રત્યાખ્યાનમાં શું કરવામાં આવે છે? **પોરસી, બે પોરસી, માસક્ષમણ, અર્ધ માસક્ષમણ.**

૩. હરિવર્ષના યુગલિકનું નામ શું હતું? **હરિ, હરિણી.**

૪. જ્ઞાનવૃદ્ધિમાં સાધકતમ કારણ શું છે? **નક્ષત્રનો સંયોગ.**

૫. આભિયોગિક કઈ જાતિના દેવો છે? **વ્યંતર દેવો**

૬. છદ્મસ્થ જીવ જે જાણતા નથી તેમાં અરૂપી દ્રવ્યના નામ લખો.

**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીર મુક્ત જીવ.**

૭. મૃત વ્યક્તિની પાછળ કયું દાન અપાય? એક શબ્દમાં લખો. **કારુણ્ય દાન.**

૮. પ્રતિપૃચ્છા સમાચારી એટલે શું? **બીજાના કામ માટે આચાર્યને વિશેષરૂપે પૂછવું.**

૯. નિષ્ક્રમણ કોને કહે છે? **પ્રવ્રજિત થવાનો યોગ મળવો.**

૧૦. વત્સાનુબંધી એટલે શું? **પુત્રસ્નેહથી પુત્ર માટે પુત્ર સાથે દીક્ષા લેવી.**

**(૧૦)**

**પ્ર. ૩ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.**

૧. સાગરપુત્રને સુકુમાલિકાના હાથનો સ્પર્શ કેવો લાગ્યો? (૬)

**તલવાર, શસ્ત્ર, અગ્નિ, મારક, દાહક, અનિષ્ટ**

૨. બ્રાહ્મણ પત્નીના નામ લખો. (૩) **નાગશ્રી, ભૂતશ્રી, યક્ષશ્રી**

૩. પાંચે પાંડવોએ કયું તપ કર્યું? (૫) **છટ્ઠ, અટ્ઠમ, ચોલા, માસક્ષમણ, અર્ધમાસક્ષમણ**

૪. દ્રુપદ રાજાએ દ્રૌપદીને દહેજમાં શું આપ્યું? (૪) **હિરણ્ય, સોનું, રૂપું, દાસીઓ**

૫. કૃષ્ણ વાસુદેવ શું જમીનદોસ્ત કરવા લાગ્યા? (૨) **દરવાજા, શ્રેષ્ઠ મહેલ**

**(૨૦)**

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)**

૧. ણત્થિ **ચરિત્તં સમ્મત્તવિહૂણં, દંસણે ઉ ભઈયવ્વં ।**

**સમ્મત્ત ચરિત્તાઈ જુગવં, પુવ્વં વા** સમ્મત્તં ॥

**અર્થ : સમ્યક્ત્વ વિના ચારિત્ર હોતું નથી. સમ્યક્ત્વમાં ચારિત્રની ભજના છે. સમ્યક્ત્વ અને ચારિત્ર એક**

**સાથે પણ હોઇ શકે છે અને પહેલા સમ્યક્ત્વ પ્રાપ્ત થાય અને પછી ચારિત્ર પ્રાપ્ત થાય તેમ પણ બની શકે છે.**

૨. એયં **પંચવિહં ણાણં, દવ્વાણ ય ગુણાણ ય ।**

**પજ્જવાણં ચ સવ્વેસિં, ણાણં ણાણીહિં** **દેસિયં ॥**

**અર્થ : આ પાંચ પ્રકારનું જ્ઞાન અને સર્વ દ્રવ્ય, ગુણ અને તેની સમસ્ત પર્યાયોનું જ્ઞાન જ્ઞાનીનું પુરુષો દ્વારા નિરૂપિત છે.**

૩. મોક્ખ **મગ્ગગઈ તચ્ચં, સુણેહ જિણભાસિયં ।**

**ચઉ કારણસંજુત્તં, ણાણદંસણ** લક્ખણં ॥

**અર્થ : જિનેશ્વર દ્વારા કથિત સમ્યક્ જ્ઞાન આદિ ચાર કારણોથી યુક્ત અને જ્ઞાન–દર્શન આ બે લક્ષણ સ્વરૂપ મોક્ષમાર્ગની યથાર્થ ગતિને તમે સાંભળો.**

૪. તવો **ય દુવિહો વુત્તો, બાહિરબ્ભંતરો તહા ।**

**બાહિરો છવ્વિહો વુત્તો, એવમબ્ભતંરો** તવો ॥

**અર્થ : તપના બે પ્રકાર કહ્યા છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે અને તે જ રીતે આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.**

૫. એગેણ **અણેગાઈ પયાઈ, જે પસરઈ ઉ સમત્તં ।**

**ઉદએવ્વ તેલ્લબિંદૂ, સે બિયરુઈ ત્તિ** નાયવ્વો ॥

**અર્થ : પાણીમાં પડેલા તેલના બિંદુની જેમ જે સમ્યક્ત્વ એક પદથી અનેક પદમાં ફેલાઈ જાય તે બીજ રુચિ છે, તેમ જાણવું.**

**(૨) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૩)**

૧. ભૂયત્થે **ણાહિગયા, જીવાજીવા ય પુણ્ણપાવં ચ ।**

**સસમ્મઈયાસવ સંવરો ય, રોએઈ ઉ** ણિસગ્ગો ॥

૨. તહિયાણ **તુ ભાવાણં, સબ્ભાવે ઉવએસણં ।**

**ભાવેણ સદ્દહંતસ્સ, સમ્મત્તં તં** વિયાહિયં ॥

**(૩) નીચેના પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં આપો.** **(૨)**

૧. જીવનું લક્ષણ શું છે? **ઉપયોગ** ૨. નિષ્કાંક્ષા શેના ગુણરૂપ છે? **અંતરંગ**

૩. પર્યાય કેવી છે? **ક્ષણિક** ૪. સમ્યક્ત્વમાં શેની ભજના છે? **ચારિત્ર**

**(૨૦)**

પ્ર. ૫ ૨૩ પદવીના આધારે લખો.

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. (૧૬)**

૧. સ્ત્રીરત્ન, છત્રરત્ન, વાર્ધિકરત્ન અને મણિરત્નની અવગાહના લખો.

**અવગાહના – સ્ત્રીરત્ન – ચક્રવર્તીથી ચાર આંગુલ નીચી હોય. છત્રરત્ન – એક ધનુષ પ્રમાણ હોય. વાર્ધિક રત્ન – ચક્રવર્તીની અવગાહના પ્રમાણે હોય. મણિરત્ન – ૪ આંગુલ લાંબું, ૨ આંગુલ પહોળું, ત્રણ ખૂણા હોય.**

૨. નવ ઉત્તમ પદવીમાં ૬૩ શલાકા પુરુષ કયા છે? એમાંથી ત્રણ અજ્ઞાનમાં કઈ પદવી લાભે?

**તીર્થંકરની પદવી, ચક્રવર્તીની પદવી, વાસુદેવની પદવી, બળદેવની પદવી. ત્રણ અજ્ઞાનમાં બે પદવી લાભે. ચક્રવર્તી, વાસુદેવ.**

૩. એકાંત સમકિતદષ્ટિ અને એકાંત મિથાદષ્ટિમાં કેટલી અને કઈ પદવી લાભે?

**એકાંત સમકિતદષ્ટિ ૫ પદવી તે સમકિત, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ.**

**એકાંત મિથ્યાદષ્ટિમાં ૮ ૭ એકેન્દ્રિય રત્ન, સ્ત્રીરત્ન.**

૪. વાસુદેવના સાત રત્નના નામ લખો. આ સાત રત્ન શેને અધિષ્ઠિત છે?

**પંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, કૌમુદિકી ગદા, શાંર્ઙ્ગ ધનુષ, નંદન ખડગ, કૌસ્તુભ મણિ, વનમાળા. દેવ.**

૫. કઈ ભૌતિક પદવી શ્રેષ્ઠ છે? તે શું પ્રાપ્ત કરાવે છે? શા માટે? તે જાણીને આપણે શું ન કરવું જોઈએ?

**ચક્રવર્તી, વાસુદેવ. નરકગતિ. રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિના ભોગવટાને કારણે. સંયમ અને તપનું ફળ ન માંગવું જોઇએ.**

૬. વિજયના દેવ કેટલી પદવી પામે? પંચેન્દ્રિય રત્નમાં ઉત્પન્ન થાય કે નહિ? શા માટે?

**આઠ ઉત્તમ પદવી વાસુદેવ સિવાય. ન થાય કારણ કે એકવાર અનુત્તર વિમાનમાં ગયેલો જીવ પોતાના શેષ ભવભ્રમણમાં કર્મભૂમિના મનુષ્ય અને વૈમાનિક જાતિના દેવ થાય છે. પંચેન્દ્રિય રત્ન મરીને નરકમાં જાય છે.**

૭. ઉર્ધ્વલોકમાં કેટલી પદવી લાભે? કઈ કઈ? કઈ અપેક્ષાએ?

**૫, કેવળી – કેવળ સમુદ્ઘાત અપેક્ષા, સાધુ – જંઘાચરણ, વિદ્યાચરણની અપેક્ષા, શ્રાવક – તિર્યંચ અપેક્ષા, સમકિત અને માંડલિક – બંને સાહરણ અપેક્ષા.**

૮. માખી અને નક્ષત્રમાં કેટલી અને કઈ પદવીનો જાય?

**માખીમાં ૯ પદવીનો જાય. સાત એકેન્દ્રિય રત્ન, માંડલિક, સમકિતી.**

**નક્ષત્રમાં ૨ પદવીનો જાય. સમકિતી, માંડલિક.**

**(૨) મને ઓળખો.** **(૪)**

૧. હું નાવ માફક કામ કરું છું. **ચર્મરત્ન**

૨. અમારી પાસે માત્ર સ્પર્શનેન્દ્રિય હોય છે. **સાત એકેન્દ્રિય રત્ન**

૩. અમારામાં બે પદવી લાભે. **ભવધારિણી ઔદારિક ઉત. અવગાહના, સાત કર્મ વેદક, તિર્યંચાણી**

૪. અમારી પદવી એકસાથે એક ક્ષેત્રમાં ન હોય. **ચક્રવર્તી, વાસુદેવ**

**(૧૦)**

**પ્ર. ૬ કોઠો બનાવીને માર્ગણા લખો.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. મિશ્રદૃષ્ટિ ગર્ભજમાં | ૦ | ૫ | ૧૫ | ૦ | ૨૦ |
| ૨. ત્રસ વૈક્રિય મિશ્ર | ૧૪ | ૫ | ૧૫ | ૧૮૪ | ૨૧૮ |
| ૩. મનુષ્યની આગતિ નોગર્ભજમાં | ૬ | ૩૦ | ૧૦૧ | ૯૯ | ૨૩૬ |
| ૪. નોગર્ભજ અભાષક સમ્યગ્દૃષ્ટિમાં | ૬ | ૮ | ૦ | ૮૧ | ૯૫ |
| ૫. મિથ્યાત્વી વૈક્રિય મિશ્રયોગીમા | ૧૪ | ૬ | ૧૫ | ૧૭૯ | ૨૧૪ |
| ૬. પ્રત્યેક શરીરી નોગર્ભજ મરનારમાં | ૭ | ૩૪ | ૧૦૧ | ૯૯ | ૨૪૧ |
| ૭. એકાંત મિથ્યાદૃષ્ટિ મરવાવાળામાં | ૦ | ૩૦ | ૧૫૭ | ૧૮ | ૨૦૫ |
| ૮. પ્રત્યેક શરીરી પર્યાપ્તામાં | ૭ | ૨૨ | ૧૦૧ | ૯૯ | ૨૨૯ |
| ૯. તિર્યક્ ચક્ષુન્દ્રિય અપર્યાપ્તામાં | ૦ | ૧૧ | ૨૦૨ | ૩૬ | ૨૪૯ |
| ૧૦. વૈક્રિય મિથ્યાત્વીમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૮ | ૨૨૩ |

**જય – જિનેન્દ્ર**


- ❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- ❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
- ❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
- ❋ FOR BOOKS AND EXAM REGISTRATION.